**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૧૨/૨૦૧૫ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી ૬૪ વ્યક્તિઓને ઝડપી ૨૯૦ લીટર દેશી દારૂ, ૧૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૨/૧૫**

**રામોલઃ** અખિલેશ અમુલસિંહ યાદવ (ઉ.વ.૨૮) (રહે.મુક્તાનંદપાર્ક સોસાયટી રામોલ) એ કોઈ કારણસર તા.૨૯/૧૨/૧૫ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દોરડા વડે ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી. હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભાનજીભાઈ લાલજી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** અમિતભાઇ નાથુસિંગ યાદવ (ઉ.વ.૨૨) (રહે. ચિત્રકુટ એપાર્ટમેન્ટની પાછળ આવેલ ખુલ્લા પ્લોટમાં આવેલ ઓરડીમાં મેમનગર) એ મેનેજરની પરીક્ષામાં નાપાસ થતા ટેન્સનના કારણે તા ૨૮/૧૨/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીંલીંગમાં લોખંડના સળીયા સાથે નાઇનોલની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૩/૧૫**

| | |
|---|---|
| **શહેરકોટડાઃ** હેતલબહેન નરેશભાઈ પરમાર (ઉ.વ.૨૫)(રહે.૪૪ કેશવની ચાલી બોમ્બે હાઉસીંગ સામેસરસપુર) તા.૧૫/૧૨/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી પોતાના પુત્ર દક્ષને સાથે લઈ ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. જમણા હાથના બાવડા ઉપર ગુલાબનુ ટેટુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૫૩૩૮) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **બાપુનગરઃ** રોશનીબહેન પુનમભાઈ પટણી (ઉ.વ.૧૪)(રહે. ચંદુલાલની ચાલી બાપુનગર) તા.૨૧/૧૨/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૧૦ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **વટવાઃ** કલ્પનાબહેન પપ્પુભાઈ યાદવ (ઉ.વ.૧૫) (રહે. વણજારાવાસ તલાવડીના છપરાં નારોલ ગામ વટવા) તા.૨૭/૯/૧૫ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનુ ટોપ અને કાળા રંગનો પાયજામો પહેર્યો છે. લમણાના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે.( વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **ઓઢવઃ** અંશુકુમારી શંકરભાઈ સદાની (ઉ.વ.૧૨) (રહે.મોમાઈનગર ગુંજન સીનેમા સામે રબારી વસાહત ઓઢવ) તા.૧૬/૧૨/૧૫ નારોજ પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ ટોપ અને કાલા રંગનુ પેન્ટ તથા લાલ રંગનુ સ્વેટર પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઈસનપુરઃ** પરીમલ ઉર્ફે પિન્ટુ ચંદ્રકાંતભાઈ સોની (ઉ.વ.૩૨) (રહે.શિવપાર્ક સોસાયટી ગોવિંદવાડી સામે ઈસનપુર) તા.૧૭/૧૨/૧૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઈસનપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૩૦૧૮૦) |  |
| **સેટેલાઈટઃ** કોમલબહેન પ્રવિણભાઈ ગજ્જર (ઉ.વ.૨૦) (રહે.વિશ્વામિત્રી સોસાયટી જીવરાજપાર્ક વેજલપુર) તા.૧૬/૧૨/૧૫ સાંજના ૭/30 વાગ્યાના સુમારે ઘરેથી શિવરંજની ચાર રસ્તા ગયા બાદ પરત ફર્યા નથી. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. આછા ગુલાબી રંગનુ આખી બાયનુ શર્ટ, કાળા રંગનુ બ્લેઝર અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| **ચાંદખેડાઃ** વૈશાલીબહેન જયંતીલાલ ઠાકોર (ઉ.વ.૧૮) (રહે.વિજળી કર્મચારી સોસાયટી ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) તા.૧૫/૧૨/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. આછા પીળા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જમણા હાથના ભાગે છુંદણાથી અંગ્રેજીમાં વી કોતરાવેલ છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)